# બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૫
અંક : ૨

૨૦૨૧ : મે
આજીવન : રૂ. ૧૦૦૦/-



: તંત્રી :

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪




**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી અરૂણભાઈ બિહારીલાલ શેલત**

જન્મ તારીખ : ૨૫–૦૪–૧૯૫૨ અક્ષરનિવાસી : ૧૫–૦૫–૨૦૨૧

સ્વ. શ્રી અરૂણભાઈ બિહારીલાલ શેલતનો જન્મ તા. ૨૫–૦૪–૧૯૫૨ના રોજ ઉમરેઠ ખાતે થયેલ. તેઓએ બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો. અભ્યાસ બાદ તેઓ Coca Cola કંપનીમાં Regional Marketing Head / Capability Manager વ્યાવસાયિક જવાબદારી નિભાવી રીટાયર્ડ થઈ પોતાની પરિવાર સાથે આનંદપૂર્વક અમદાવાદ ખાતે રહેતા હતા. પરિવારમાં તેમના પત્ની નયનાબેન તેમ જ એક દિકરો પ્રણવ અને એક દિકરી મૈત્રી છે. પ્રણવ–અવની અને તેમનો દિકરો આદિ યુ.એસ.એ. ખાતે રહે છે. મૈત્રી અમદાવાદમાં જ તેમની જોડે રહે છે.

શ્રી અરૂણભાઈ સામાજિક રીતે પણ ખૂબ જ આગળ પડતું અને જાણીતું વ્યક્તિત્વ હતા. તેઓશ્રી વિવિધ સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર સમાજને સેવાઓ આપી હતી.

હાલમાં તેઓશ્રી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. – પ્રમુખ, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – ઉપપ્રમુખ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર – કારોબારી સભ્ય, શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન) –શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત – ટ્રસ્ટી તરીકે સક્રિય હતા. તે સિવાય શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ – અમદાવાદમાં તેઓ વિવિધ હોદ્દાઓ પર પણ પોતાની સેવાઓ આપી ચૂકેલ છે.

**લી.**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – અમદાવાદ**
**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

---

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. – અમદાવાદ**
**તથા હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

---

**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – વિદ્યાનગર**
**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : પંચદશ અધ્યાય - પુરૂષોત્તમયોગ

જેનું આદિપુરુષ પરમેશ્વર રૂપી ઉર્ધ્વ મૂળ છે, જેની નીચે રહેલી બ્રહ્મારૂપી મુખ્ય શાખા છે તથા વેદો જેનાં પાંદડાઓ છે, એવા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને તત્વજ્ઞાનીઓએ અવિનાશી કહ્યું છે; જે માણસ એ સંસારરૂપી વૃક્ષને મૂળરહિત તત્વથી જાણે છે, એ વેદના તાત્પર્યને જાણનાર છે.

આ સંસારરૂપી વૃક્ષની ઉત્પતિ અને એનો વિસ્તાર બેઉ આદિ પુરુષ નારાયણ થીજ થયો છે એ આદિપુરુષ પરમેશ્વર નિત્ય, અનંત અને સૌના આધાર છે તથા સગુણરૂપે સૌથી ઉપર નિત્યધામમાં નિવાસ કરે છે માટે 'ઉર્ધ્વ' નામે કહેવાયા છે. આ સંસારવૃક્ષ એ જ માયાપતિ સર્વશક્તિમાન પરમેશ્વરથી ઉદ્‌ભવ્યું છે, માટે એને 'ઉર્ધ્વમૂળ' એટલે કે ઉપરની તરફ જેનું મૂળ છે એવું કહ્યું છે. સંસારવૃક્ષના જન્મ વખતે સૌ પહેલા બ્રહ્મા ઉદભવે છે માટે બ્રહ્મા જ આની મુખ્ય શાખા છે. બ્રહ્માનો લોક આદિપુરુષ નારાયણના નિત્યધામ કરતાં નીચે છે, તેમજ બ્રહ્માજીનો અધિકાર પણ ભગવાન કરતાં ઓછો છે. બ્રહ્માએ આદિપુરુષ નારાયણથી જ જન્મ્યા હોવાને લીધે અને એમના જ શાસનમાં રહેવાનો કારણે એમને 'અધઃશાખમ' રૂપે કહ્યા છે. પાંદડાંઓ વૃક્ષની શાખામાંથી જન્મતાં હોય છે તથા વૃક્ષની રક્ષા અને વિકાસ કરનારાં હોય છે. વેદો પણ આ સંસારરૂપી વૃક્ષની મુખ્ય શાખારૂપી બ્રહ્માથી પ્રગટ્યા છે અને વેદવિહિત કર્મોથી જ સંસારનો વિકાસ અને રક્ષા થાય છે, માટે વેદોને 'પાંદડાંઓ' કહ્યા છે. આ સંસારરૂપી વૃક્ષ પરિવર્તનશીલ હોવાને લીધે નાશવંત, અનિત્ય અને ક્ષણભંગુર છે, છતાં એનો પ્રવાહ અનાદિકાળથી ચાલ્યો આવે છે અને એના પ્રવાહનો આરો દેખાતો જ નથી; માટે અને વળી આનું મૂળ સર્વશક્તિમાન પરમેશ્વર નિત્ય અવિનાશી હોવાને લીધે આ સંસારવૃક્ષ અવિનાશી કહ્યું છે. ભગવાનની યોગમાયાથી જન્મેલો સંસાર ક્ષણભંગુર, નાશવંત તથા દુઃખરૂપ છે, એના ચિંતનને છોડીને કેવળ પરમેશ્વરનું જ નિત્ય નિરંતર અનન્ય પ્રેમભાવે ચિંતન કરવું, એ વેદના તાત્પર્યને જાણવું છે.

સંસારવૃક્ષની ત્રણેય ગુણો રૂપી જળ વડે વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપી કૂંપળો ધરાવતી દેવ, મનુષ્ય, તિર્યક આદિ યોનીઓરૂપી શાખાઓ નીચે અને ઉપર આમતેમ ફેલાયેલી છે તેમજ એ શાખાઓનાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારાં અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં નીચે અને ઉપર બધા લોકોમાં ફેલાયેલાં છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - આ પાંચેય સ્થૂળ દેહ અને ઈન્દ્રિયો કરતાં સૂક્ષ્મ હોવાને લીધે એમને શાખાઓની કૂંપળોરૂપે કહ્યાં છે. બ્રહ્મલોકથી શરૂ કરી પાતાળ સુધીના જેટલા લોકો છે એ અને એમના નિવાસ કરનારી યોનીઓ - એ સર્વ સંસારવૃક્ષની ઘણીબધી શાખાઓ છે. મનુષ્ય શરીરમાં કર્મ કરવાનો અધિકાર છે તેમજ મનુષ્ય શરીર વડે અવિદ્યામૂલક અહંતા, મમતા અને વાસનાપૂર્વક કરવાનાં આવેલા કર્મો બંધનનનાં કારણ મનાયા છે, માટે આ મૂળિયાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારાં છે. અન્ય સઘળી યોનીઓ ભોગયોનીઓ છે, એમાં કર્મોનો અધિકાર નથી, માટે ત્યાં અહંતા, મમતા અને વાસનારૂપી મૂળિયાં હોવા છતાં પણ એ કર્માનુસાર બાંધનારાં નથી હોતાં.

આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે, એવું અહીં વિચારકાળમાં મળી આવતું નથી, કેમ કે

આનો નથી અંત તેમજ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ માટે આ અહંતા, મમતા અને વાસનારૂપી અશ્વથ્થ વૃક્ષને દ્રઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે કાપી નાંખીને એ પછી, એ પરમપદ સ્વરૂપ પરમેશ્વરને સારી પેઠે શોધવા જોઈએ કે જેને પામી ચુકેલા માણસો ફરી પાછા વળીને સંસારમાં નથી આવતા અને જે પરમેશ્વરથી આ પુરાતન સંસાર-વૃક્ષની પ્રવૃતિ અર્થાત પરંપરા વિસ્તાર પામી છે. એ જ આદિપુરુષ નારાયણને હું શરણે છું - આ પ્રમાણે દ્રઢ નિશ્ચય કરીને એ પરમેશ્વરનું મનન અને નિદિધ્યાસન કરવું. આ સંસારવૃક્ષનું જેવું સ્વરૂપ શાસ્ત્રોમાં વર્ણવાયું છે તેમજ જેવું જોવાને સાંભળવા મળે છે, તત્વજ્ઞાન થયા પછી એવું નથી મળી આવતું; જેવી રીતે આંખ ખુલ્યા પછી સ્વપ્નનો સંસાર નથી મળી આવતો. આનો આદિ નથી એટલે કે આ પરંપરા ક્યારથી ચાલી આવે છે, એનો કોઈ પત્તો નથી. આનો અંત નથી એટલે કે આ પરંપરા ક્યાં સુધી ચાલતી રહેશે એ કોઈને ખબર નથી. આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ નથી એટલે કે વાસ્તવમાં એ ક્ષણ ભંગુર અને નાશવંત છે. બ્રહ્મલોક સુધીના ભોગો ભધાય ક્ષણિક અને નાશવંત છે. એવું વિવેકબુદ્ધિ દ્વારા સમજીને આ સંસારના સઘળા ભોગોમાં સત્તા, સુખ, પ્રીતિ અને રમણીયતા ના દેખાવી. એનું જ નામ દ્રઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર છે. સ્થાવર અને જંગમ સ્વરૂપ સંસારના ચિંતનનો તથા અનાદિકાળથી અજ્ઞાન વડે દ્રઢ થયેલાં અહંતા, મમતા અને વાસનારૂપી મૂળિયાઓનો ત્યાગ કરવો, એ જ સંસારવૃક્ષને બીજાં સઘળાં મૂળિયાં સહિત કાપી નાખવું છે.

જેમનાં માન અને મોહ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમણે આસક્તિરૂપી દોષને જીતી લીધો છે, જેમની પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે અને જેમની કામનાઓ પૂર્ણરૂપેનાશ પામી ચૂકી છે - એવા સુખ દુ:ખરૂપી દ્વંદ્વથી છૂટેલા જ્ઞાનીજનો એ અવિનાશી પરમપદને પામે છે. જે પરમપદને પામીને મનુષ્યો પાછા ફરીને સંસારમાં આવતા નથી, એ સ્વયં પ્રકાશિત પરમપદને ના તો સૂર્ય ઉજાળી શકે છે, ના ચંદ્રમા કે ના અગ્નિ એ જ મારું પરમધામ છે.

આ દેહમાં રહેલો સનાતન જીવાત્મા મારો જ અંશ છે એ જ પ્રકૃતિમાં રહેલી મન સહિતની પાંચેય ઈન્દ્રિયોને ખેંચે છે. જે રીતે વિભાગ વિનાનું રહેલું હોવા છતાં મહાકાશ ઘડાઓમાં જાણે જુદું જુદું હોય એમ જણાય છે, એ જ રીતે સર્વ ભૂતોમાં એકાત્મભાવે રહેલો હોવા છતાં પણ પરમાત્મા જાણે ભિન્ન ભિન્ન હોય એમ જણાઈ આવે છે, માટે જ દેહમાં રહેલા જીવાત્માને ભગવાને પોતાનો જ સનાતન અંશ કહ્યો છે.

વાયુ ગંધના સ્થાનેથી ગંધને જે રીતે ગ્રહણ કરીને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે, એ જ રીતે દેહ આદિનો સ્વામી જીવાત્મા પણ જે શરીરને છોડે છે, એ શરીરમાંથી પ્રાણો દ્વારા મન સમેત ઈન્દ્રિયોને લઈને, પછીને જે શરીરને પામે છે, એમાં જાય છે. આ જીવાત્મા શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, રસના, ઘ્રાણ અને મનને આશ્રયે એટલે કે એમની સહાય લઈને જ સઘળા વિષયોને સેવે છે. શરીર છોડીને જતો, શરીરમાં સ્થિત રહેલો, વિષયોને ભોગવતો કે ત્રણેય ગુણોથી જોડાયેલો હોવા છતાંયે, જીવાત્માના યથાર્થ સ્વરૂપને અજ્ઞાનીજનો નથી જાણતા, કેવળ જ્ઞાનચક્ષુ ધરાવનાર વિવેકશીલ જ્ઞાનીજનો તત્વથી જાણે છે. યત્ન કરનારા યોગીજનો પણ પોતાના હૃદયમાં સ્થિત આ આત્માને તત્વથી ઓળખી શકે છે; પરંતુ જેમણે અંત:કરણ શુદ્ધ નથી કર્યું એવા અજ્ઞાનીજનો તો યત્ન કરતા રહેવા છતાં પણ આ આત્માને નથી જાણી શકતા.

સૂર્યમાં રહેલું જે તેજ આ આખાયે જગતને ઉજાળે છે, જે તેજ ચંદ્રમામાં છે અને જે અગ્નિમાં છે - એને તું મારુ જ તેજ જાણ. તદ્ઉપરાંત હું જ પૃથ્વીમાં પ્રવેશીને પોતાની શક્તિથી

સઘળાં ભૂતોને ધારણ કરું છું અને રસસ્વરૂપ એટલે કે અમૃતમય ચંદ્રમાં બનીને સઘળી વનસ્પતિઓને પોષુ છું. સર્વ પ્રાણીઓનાં શરીરમાં સ્થિત રહેલો હું જ પ્રાણ અને અપાનથી સંજોયાએલ વૈશ્વાનર અગ્નિસ્વરૂપ થઈને ચાર પ્રકારના અન્નને પચાવું છું. ભક્ષ્ય, ભોજય, લેહ્ય અને ચોષ્ય એમ ચાર પ્રકારનાં અન્ન હોય છે. જેને ચાવીને ખાવું પડે છે તે ભક્ષ્ય – જેવાં કે રોટલી રોટલો. જેને ગળવું પડે છે તે ભોજય – જેમ કે દૂધ. જેને ચાટવું પડે છે તે લેહ્ય – જેમ કે ચટણી વગેરે અને જેને ચૂસવું પડે છે એ ચોષ્ય – જેમકે શેરડી.

સૃષ્ટિના સહુ પ્રાણીઓનાં હૃદયમાં હું જ અંતર્યામી રૂપે રહેલો ને વસેલો છું. મારા થકી જ સ્મૃતિ, જ્ઞાન તેમજ અપોહન એટલે કે બુદ્ધિમાં રહેનારા સંશય, વિપર્યય આદિ દોષોને શુભ વિચાર દ્વારા દૂર કરવાનું કામ પણ મારા થકી જ થાય છે. બધા વેદો વડે હું જ જાણવા યોગ્ય તાત્પર્ય છું અને વેદોને જાણનાર પણ હું જ છું.

આ સંસારમાં નાશવંત અને અવિનાશી – એમ બે પ્રકારના ક્ષર અને અક્ષર – પુરુષો છે; એમાંથી સઘળાં ભૂતપ્રાણીઓનાં શરીરો નાશવંત અને જીવાત્મા અવિનાશી કહેવાય છે. આ બેયથી ઉત્તમ પુરુષ તો જુદો જ છે. જે ત્રણેય લોકોમાં પ્રવેશીને સૌનું ધારણ-પોષણ કરે છે અને જેને અવિનાશી, પરમેશ્વર તેમજ પરમાત્મા એવાં નામોથી ઓળખાવ્યો છે. હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદોમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું. જે જ્ઞાની માણસ મને આ રીતે તત્વથી પુરુષોત્તમ સ્વરૂપે જાણે છે, એ સર્વજ્ઞ માણસ સર્વ રીતે નિરંતર મુજ વાસુદેવ પરમેશ્વર ને જ ભજે છે. આમ આ ઘણું રહસ્યમય અને ગોપનીય શાસ્ત્ર મેં જે કહ્યું એને તત્વથી જાણીને માણસ જ્ઞાની અને કૃતકાર્ય થઈ જાય છે.

– અસ્તુ

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

સુજ્ઞ જ્ઞાતિજનો,

હાલની કોરોના મહામારી દ્વારા આપણું રાબેતા મુજબનું જીવન જીવવું ખૂબ જ અઘરું બની ગયેલ છે. આ અણધારી આફતમાં આપણા સગા-સ્નેહીનું કોરોના દ્વારા મૃત્યુ થયેલ હોય તો અમોને સદગતનું નામ-સરનામું-પીનકોડ તથા ઘરની ર વ્યક્તિનો મોબાઈલ નંબર બાજખેડાવાળ પત્રિકાના સરનામે અમદાવાદ મોકલી આપવા મહેરબાની કરશોજી.

**(નોધઃ આ માહિતી ફક્ત નજીકના સગાવ્હાલા મોકલે જેથી ડુપ્લીકેટ ન થાય)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૧૦૦૦/-ના દાતા



**સ્મરણાર્થે**

**સ્વ. પ્રભાવતીબેન વાસુદેવભાઈ ખંભોળજા**

જન્મ તારીખ : ૩૦-૦૪-૧૯૩૧ અવસાન તારીખ : ૧૮-૦૨-૨૦૨૧

મહાસુદ-૬, ગુરુવાર

"સુખ દુ:ખમાં હસતા રહ્યા તમે, સહુના હૃદયમાં વસતા રહ્યા તમે,

હમણાં જ હતા નજર સમક્ષ તમે, પાંપણના પલકારે સ્વર્ગે સિધાવ્યા તમે:"

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના

મૂળ ડાકોરના વતની અમદાવાદ- બોપલ નિવાસી ગં.સ્વ. પ્રભાવતીબેન વાસુદેવભાઈ ખંભોળજા તા. ૧૮-૦૨-૨૦૨૧ને ગુરુવારના રોજ વાત્સલ્યજનક ગોલોકવાસી થયા છે. તેમણે પોતાની યુવાનીમાં ખુબ દુ:ખભરી પરિસ્થિતિમાં પણ પોતે તકલીફ સહન કરીને પોતાના સંતાનોને ભણાવીને સારા સંસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા તેમને અંત:કરણપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલી.

ગં.સ્વ. પ્રભાવતીબેન વાસુદેવભાઈ ખંભોળજાના સ્મરણાર્થે વિધવા સહાય પેટે રૂ. ૨૧૦૦૦/- તેમના પુત્ર શ્રી નરેન્દ્ર વાસુદેવભાઈ ખંભોળજા તથા પુત્રવધુ ઉર્મિલા નરેન્દ્ર ખંભોળજા તરફથી મંડળને આપવામાં આવેલ છે.

**લી.**

**નરેન્દ્ર વાસુદેવભાઈ ખંભોળજા (પુત્ર)**

**ઉર્મિલા નરેન્દ્ર ખંભોળજા (પુત્રવધુ)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**વાર્ષિક પૂણ્યતિથિ**
**હિનાબેન એસ. મહેતા**

જન્મ તારીખ : ૧૬-૦૫-૧૯૬૭ અવસાન તારીખ : ૧૬-૦૪-૨૦૨૦

સાવલીના રહેવાસી સ્વ. જયાનંદભાઈ દવે અને સ્વ. વનલતાબેનની પુત્રીનો જન્મ અમદાવાદમાં થયેલો. તેમને તેમના માતા-પિતા દ્વારા સારુ શિક્ષણ, હુંફ મળી હતી તથા તેમનો સ્વભાવથી શાંત, વિનમ્ર અને પ્રેમાળ મળતાવળો હતો. તેમજ તેમને તેન સાથે મળી ૨ ભાઈ તથા ૧ બહેન છે અને તે ભાઈ બહેનો તરફથી પણ તેમને સારો એવો સાથ અને પ્યાર મળ્યો. આગળ જતા તેમના લગ્ન અમદાવાદ સ્થિત શ્રીમાન સુરેશભાઈ ભવાનીશંકર મહેતા સાથે થયા. તેમના લગ્નગ્રંથી જોડાઈ તેમને બે દિકરી છે. જે ચિ. ધ્રુવ એસ. મહેતા તથા ચિ. રવિ એસ. મહેતા હાલ તેમનો ટેક્સટાઈલ મશીનરી મેન્યુફેક્ચરીંગનો બિઝનેશ છે. હિનાબેનને હંમેશા પરિવારને સાથે લઈ ચાલ્યા અને શૂન્યમાંથી સર્જન કરી તેઓએ તેમના પતિને સાથ સહકાર આપી આગળ વધ્યા. તેમના બે દિકરા તથા બે વહુઓ ચાર્મી ધ્રુવ મહેતા તથા નિશા રવિ મહેતા તથા તેમની ૩ પૌત્રીઓને ખુબ જ કુ. હિર, કુ. આશિ, કુ. ભ્રિશાને ખુબ જ લાડ પ્યારથી તેમને સાથ રહીને પ્રેમની હુંફ આપી અને મોટા કર્યા.

નિર્મળ હૃદયના અને લાગણીશીલ પ્રકૃતિ ધરાવતા હિનાબેનએ કોઈપણ દિવસ તેમના પતિનો સાથ આપી આગળ શૂન્યમાંથી સર્જન કરી પોતાની ગૃહસ્થી ચલાવી છે.

હિનાબેન તેમના ફુલ જેવા દિકરાઓ વહુઓ અને પૌત્રી પતિનો સાથ છૂટી વસમી વિદાય તા. ૧૯-૦૪-૨૦૨૦ના રોજ તેમના દેહનો ત્યાગ કરેલ. પ્રેમાળ હૃદય પરિવાર પ્રત્યેની લાગણીઓની યાદો જીવનભર અમે ભુલીશુ નહી. તેમના મધુરસંસ્મરણો અને કાર્યો અમને સતત પ્રેરણા આફતા રહેશે. પ્રભુ તેમના દિવ્ય આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે તેવી અમારા મહેતા પરિવાર તરફથી શ્રદ્ધાંજલી.

**જય શ્રીકૃષ્ણ**
**સુરેશભાઈ ભવાનીશંકર મહેતા (પતિ)**
**ધ્રુવ સુરેશભાઈ મહેતા (પુત્ર)** **ચાર્મી ધ્રુવ મહેતા (વહુ)**
**રવિ સુરેશભાઈ મહેતા (પુત્ર)** **નિશા રવિ મહેતા (વહુ)**
**વ્હાલી પૌત્રી - હિર, આશિ, ભ્રિશા, જાન્હવી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા

### સ્વ. બ્રિજેશભાઈ કૃષ્ણકાંતભાઈ દવે

મૂળ વતન રઘવાણજના વતની હાલ ખેડા નિવાસી સ્વ. કૃષ્ણકાંતભાઈ કિરપાશંકરભાઈ દવે તથા ગં.સ્વ. દક્ષાબેનના ત્રણ સંતો પૈકી બીજા નંબરના સંતાન શ્રી બ્રિજેશભાઈનો જન્મ તા. ૨૧-૧૨-૧૯૮૦ના રોજ ખેડા મુકામે થયો.

બાળપણ ખેડામાં વીતાવ્યું. બ્રિજેશભાઈનો પ્રાથમિક-માધ્યમિક અભ્યાસ વતન ખેડા શ્રી એચ. ડી. પારેખ હાઈસ્કૂલમાં થયો. બી.કોમની ડીગ્રી નડીયાદથી મેળવી. એમ.બી.એ.નો અભ્યાસ રાજસ્થાન યુનિવર્સિટી ખાતે પૂર્ણ કર્યો.

જીવનની કારકિર્દીની શરૂઆત આઈ.સી.આઈ.સી.આઈ.ની વિદ્યાનગરની બ્રાંચમાં આસિસ્ટન્ટ કારકુનથી કરી બાદમાં કોટક મહિન્દ્રાઈન્સ્યોરન્સ કંપનીમાં એમ.આર.ની પદવી મેળવી કાર્યારંભ કર્યો. જ્યાં પાંચ વર્ષના અનુભવ બાદ અમદાવાદ મુકામે આવેલ પ્રાઈવેટ કંપની ગ્રુપઅ અદાણીમાં સળંગ ૧૨ વર્ષ સેવા આપી.

મૂળ નડિયાદના શ્રી ઠાકોરભાઈ રમણલાલ ભટ્ટ તથા અ.સૌ. સોનલબેન ભટ્ટની સુપુત્રી બીનીતાબેન સાથે તા. ૨૯-૦૧-૨૦૦૩ના રોજ પ્રભુતામાં પગલાં પાડ્યા. બ્રીજેશભાઈ સ્વભાવે શાંત, મિલનસર, ઓછું બોલવાવાળા, યુવા નેતા હતા. આદર્શવાદી, ભાવનાશળી, પ્રિયવચની, પ્રેમાળ, સાલસ સ્વભાવના, સહનશીલ, નીડર વ્યક્તિત્વવાળા વ્યક્તિ હતા.

સાંસારીક જીવનમાં એક આદર્શ પુત્રના પિતા ૨૪-૧૨-૨૦૦૫ના રોજ બન્યા જેમને કુટુંબમાં એક આદર્શ પુત્ર, આદર્શ પતિ, શ્રેષ્ઠ કાર્યકર, અદના પિતા તરીકે ફરજો બજાવી. કુટુંબપ્રેમ મેળવેલો.

દરેક વ્યક્તિનું જીવન અને મૃત્યુ પણ ક્યારેક આઘાત પમાડનારુ અને ઉપાયહીન હોય છે. ક્યાં ખબર હતી કે આ આપનું અમૂલ્ય જીવન... ઈષ્ટનો વિયોગ... વ્યથા... વેદના... વ્યગ્રતા... વ્યાકુળતા...મૃત્યુ વગેરે

તા. ૨૬-૦૨-૨૦૧૮ના રોજ ફાગણ સુદી-૧૧ને પ્રેમ સભર જીવનનૈયાને જીવતાં જીવતાં ઓફિસના મકાનમાં નોકરીના સમય દરમ્યાન છાતીમાં દુ:ખાવો ઉપડ્યો. સામાન્ય દવા કરાવી પરંતુ આખરે કુદરતને મંજુર હતુ તેજ થઈ રહ્યું. શ્રી બ્રીજેશભાઈ દવે અંતે માતા - પિતા - ભાઈ - બહેન - પત્ની - બાળકને મૂકી આ દુનિયાને છોડી દીધી.

તમને ગુમાવ્યાનું દુ:ખ ભૂલાતુ નથી,
દરરોજની યાદ વિસરાતી નથી
હરતાં-ફરતાં અહીં કોઈક ગુમાવ્યાની વેદના વીસરાતી નથી.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા

### સ્વ. કૃષ્ણકાંતભાઈ કિરપાશંકર દવે

ખેડા જીલ્લાના માતર તાલુકાના નાનાશા ગામ રઘવાણ જ ના વતની હાલ ખેડા નગરમાં સ્થાયી થયેલા સ્વ. શ્રી કિરપાશંકરભાઈ જેઠાલાલ દવે તથા સ્વ. ગં.સ્વ. શ્રી ચંદનબેનના ચાર સંતાનો પૈકી જ્યેષ્ઠ પુત્ર શ્રી કૃષ્ણકાંતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી દક્ષાબેન, શ્રી મુકેશભાઈ

કૃષ્ણકાંતભાઈનો જન્મ ૩૦-૦૪-૧૯૫૨ના રોજ ખેડા મુકામે થયો. સામાન્ય કુટુંબમાં પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ કક્ષાનો અભ્યાસ પણ નગર ખેડાની એચ એન્ડ ડી. પારેખ હાઈસ્કૂલમાંથી પ્રાપ્ત કર્યો.

પ્રથમ નોકરીની શરૂઆત ખેડા નગર પંચાયતમાં સેક્રેટરી તરીકે શરૂ કરી. કાળક્રમે તેમન સાથે અભ્યાસ કરતાં ડીગ્રીની યોગ્યતા પ્રાપ્ત કરતાં ખેડા નગર પંચાયત, નગર પાલીકામાં રૂપાંતર થતાં ચીફ ઓફીસર બન્યા નગરજનોનો પ્રેમ પ્રાપ્ત કર્યો.

ઉંમરે મૂળ નડીયાદના સ્વ. શ્રી વસંતલાલ શંકરલાલ શુકલ તથા સ્વ. ગં.સ્વ. શ્રી શારદાબેનની સુપુત્રી દક્ષાબેન સાથે તા. ૨૪-૦૨-૭૮ના રોજ પ્રભુતામાં પગલાં પાડ્યા. દક્ષાબેન પણ કેળવણી વિભાગમાં નોકરી કરતાં બંનેના સમજદારી ભર્યા પગલાંથી ધીમે ધીમ કુટુંબની પ્રગતિ થઈ. કાળક્રમે ત્રણ સંતાન (૧) ચિ. કેતનભાઈ (૨) ચિ. બ્રીજેશભાઈ (૩) ચિ. વીરલભાઈને જન્મ આપ્યો.

પિતાને પગલે સંતાનોએ પણ પ્રગતિ કરી બાળકોને માતા-પિતાએ યોગ્ય સંસ્કાર આપવા - ભણાવ્યા-ગણાવ્યા ડાળે વળગાડ્યા.

આ કૃષ્ણકાંતભાઈએ પોતાના જીવનકાળ દરમ્યાન ખેડા-પ્રાંતીજ, પેટલાદ-સોજીત્રા બાજ ગાંધીનગરમાં સેવાઓ આપી ઉપરી અધિકારીના પ્રીતી પ્રાપ્ત બન્યા. તા. ૩૦-૦૪-૨૦૧૦માં ઉંમરે જતાં નિવૃત થયા. દક્ષાબેને પણ જીવન કાળક્રમે ખેડામાં સેવા આપી નિવૃત્તિ મેળવી.

સ્વ. કૃષ્ણકાંતભાઈએ નિવૃત્તિને પ્રવૃત્તિ બતાવી સમાજ સેવાની ભાવના ખીલવી જ્યાં અભ્યાસ મેળવ્યો. ત્યાં એજ્યુકેશન બોર્ડમાં સેવા વર્ષો સુધી આપી - ખેડા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ બની સમાજને પ્રગતિ અપાવી. શ્રી ખેડા પીપલ્સ બેંકમાં કારોબારી સભ્ય મેનેજીંગ ડીરેક્ટર પણ બન્યા સેવા આપી.

સોમનાથ મહાદેવ પૂંજારી બની ભક્તિ માર્ગે પણ વર્યા. અ.ભા. બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ તેમજ શ્રી બા. વિ.સ.સહકારી મંડળી, અમદાવાદ બે ટર્મ અલ્પકાળ સેવા આપેલ.

જીંદગીને જેણે આત્માના અધિકારમાં રહીને જીવી જાણી છે તેવા કૌટુંબિક ભાવનાવાળા સમાજ... કુટુંબ... સંસ્થાના હિતચિંતક બની નિસ્વાર્થભાવે સેવા કરવાવાળા જનસેવા એજ પ્રભુ સેવાના મુદ્રાલેખવાળા આદર્શવાદી બન્યા.

સંકલ્પબળ સાથે પ્રભુમય જીવનમાં પણ સમયે પધાર્પણ કરવાવાળા, સત્યવચની, જીવનની પૂર્વ સંધ્યા સુધી સમાજ-કુટુંબ સંસ્થાની સેવાનો ભેખ જેણે ધારણ કરેલો તેવા વ્યક્તિના જીવનની જીવનલીલી તા. ૨૬-૦૧-૨૦૨૦ના રોજ કારતક સુદ-૧૧ શારીરક બીમારીને કારણે સંકેલાઈ જતા સમાજ, કુટુંબ, સંસ્થા ઉપર આપી પડેલી દુ:ખ સહન કરવાની ક્ષમતા પ્રભુ પરમાત્મા સમાજ, કુટુંબ, સંસ્થાને અર્પે તેવી શુભકામના

જીવનની તમામ ઘટનાઓ જીવનરૂપી રંગમંચ ઉપર રમતાં રમતાં આરંભવી અર્થહિન બની રહેશે કે આખરે મૃત્યુ પણ આઘાત પમાડનારુ વાસ્તવિક બની રહેશે.

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. અ.સૌ. સ્મિતાબેન રાજેન્દ્રભાઈ દવે-વસો**

*જન્મ તારીખ : ૧૦-૧૦-૧૯૬૧* *અક્ષરનિવાસી : ૧૦-૦૧-૨૦૧૬*

**પાંચ વર્ષ પૂર્ણ થતાં**
**ષષ્ટી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**

*શ્રી રાજેન્દ્રભાઈ મૂળજીભાઈ દવે*
*શ્રી સૂર્યકાંતભાઈ મૂળજીભાઈ દવે*
*શ્રી પ્રતિકભાઈ રાજેન્દ્રભાઈ દવે*
*શ્રી મીતાલીબેન કંદર્પકુમાર ઠાકર*
*શ્રી કંદર્પકુમાર ભાસ્કરભાઈ ઠાકર*
*શ્રી આરવકુમાર કંદર્પભાઈ ઠાકર*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**ચિ. ધ્રુવ પરિમલભાઈ દવે**

*ચિ. ધ્રુવ તેઓના માતાપિતા સાથે રહે છે*
*અને સર્વિસ જાય છે.*

*શ્રી પરિમલ એ. દવે (મો.) ૮૯૮૦૯૨૩૮૪૬*
*શ્રીમતી યુ. પી. દવે – (મો.) ૮૯૮૦૯૨૩૮૪૬*
*શ્રીજી નિવાસ, બી–૧૮, સંગ્રામ પાર્ક સોસાયટી,*
*ભવાનીકુંજ સોસાયટી પાસે, રામવાટીકા સોસાયટી,*
*વાઘોડીયા રોડ, વડોદરા–૩૯૦૦૧૯*

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ

## વિદ્યાતેજક ફંડમાં રૂ. ૪૬૫૩/-ના દાતા



### સ્વ. શ્રી અસિતકુમાર ગુણવંતલાલ દેસાઈ

જન્મ તારીખ : ૨૬-૦૩-૧૯૬૬ અવસાન : ૨૪-૦૨-૨૦૨૧

માનવદેવ અમૂલ્ય મળે, તો ૮૪ લાખનો ફેરો ટળે

કરીએ કર્મો અમે એવા કે જીવન સૌનું ધન્ય બને

કળયુગ છે આ તો એવો કે સારા ખોટા કર્મો સૌ જન કરે

શેતાન પ્રવેશે માનવમાં એવો કે સારા-ખોટાનું ભાન ભૂલે

ગુરૂ પ્રવેશે જીવનમાં એવો કે સત્યને માનવ ઓળખી શકે

જાગે ત્યારે થાય સવાર એ જાણે ત્યારે પશ્ચાતાપના આસું સરે

અંત સમયે થાયે પશ્ચાતાપ તો પણ અસુર સૂર બની શકે

સત્યનું ભાન થતાં હૃદયમાં ગ્લાનિ થઈ શકે

અને માનવપણ મહામાનવ બની શકે.

વાલિયો લૂંટારો પણ મહર્ષિ વાલ્મિકી બની રામાયણની રચના કરી શકે

અંગૂલીમાર જેવા ડાકૂ પણ પશ્ચાતાપની સાચા સંન્યાસી થઈ શકે.

નમન છે એ આત્માને જે આત્મામાંથી પરમ આત્મા બની જગમાં વિદાય પામી.

સહસ્રવાર નમન છે એવી આત્માને જેને સત્ય સમજી

પરમ આત્મામાં લીન બની રાખજો અમ પર

દયા દ્દષ્ટિ સત્યના માર્ગે ચાલવાની શક્તિ આપજો

હર આત્મામાં પરમ આત્મા જોવું તેવી અમને શક્તિ આપજો.

સેવા કરીએ અમે અમે જીવતા માનવની અવસાન પછી

ફોટાને હાર ચઢાવી વસવસો ન કરીએ એવી શક્તિ અમને આપજો

તમે તો દેવ થયા પણ કૃપા અમ પર બનાવી રાખજો.

પરમ આત્માને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ.


**નીતા અસિતકુમાર દેસાઈ (મો.) ૮૪૦૧૪૧૫૪૫૪**

**શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ (મો.) ૭૪૩૪૮૬૫૬૬૭**

**બી-૫, હરિનગર સોસાયટી, જૂના ઢોર બજાર,**

**કાંકરિયા રોડ, અમદાવાદ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ
## વિદ્યાતેજક ફંડમાં રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. શ્રી ગુણવંતલાલ જેઠાલાલ દેસાઈ**

જન્મ તારીખ : ૨૧-૦૭-૧૯૩૨ અવસાન : ૨૦-૦૩-૨૦૧૪

**શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ (મો.) ૭૪૩૪૮૬૫૬૬૭**
**બી-૫, હરિનગર સોસાયટી, જૂના ઢોર બજાર,**
**કાંકરિયા રોડ, અમદાવાદ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ
## વિદ્યાતેજક ફંડમાં રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. હર્ષાબેન ગુણવંતલાલ દેસાઈ**

જન્મ તારીખ : ૨૦-૦૭-૧૯૪૪     અવસાન : ૨૨-૦૧-૨૦૧૮

**શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ (મો.) ૭૪૩૪૮૬૫૬૬૭**
**બી-૫, હરિનગર સોસાયટી, જૂના ઢોર બજાર,**
**કાંકરિયા રોડ, અમદાવાદ**

## શ્રીમતી કમળાબેન જમિયતરામ પંડ્યા તથા
## શ્રી જમિયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦ (મો.) ૯૯૯૮૨૨૦૭૮૭

ઉપરોક્ત ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીશ્રીઓની મીટીંગ તા. ૨૮-૦૨-૨૦૨૧ના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ અમદાવાદમાં મળી હતી. જેમાં મુખ્ય એજન્ડા જ્ઞાતિના અમદાવાદના વિદ્યાર્થીઓ પાસેથી આવેલી શૈક્ષણિક સહાયની અરજીઓ પર નિર્ણય કરવાનો હતો. જે મુજબ ૩૪ અરજીઓ આવેલી જે પૈકી ૫ અરજી નિયમોનુસાર ન હોવાથી નામંજુર કરવામાં આવેલી. બાકીના ૨૯ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩,૬૧,૨૦૦/-ની શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે મંજુર કરવામાં આવી હતી. જે દરેક વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે.

આ ઉપરાંત અન્નપૂર્ણા સહાય માટે રૂ. ૫૦,૦૦૦/- તથા મેડિકલ સહાય માટે રૂ. ૨૦,૦૦૦/- પણ મંજુર કરવામાં આવેલા જે રકમો પણ આપી દેવામાં આવી છે.

– વિઠ્ઠલરાય જે. ભટ્ટ (ચેરમેન)

## શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન)

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦ (મો.) ૯૯૯૮૨૨૦૭૮૭

ઉપરોક્ત ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીશ્રીઓની મીટીંગ તા. ૨૮-૦૨-૨૦૨૧ના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ અમદાવાદમાં મળી હતી. જેમાં મુખ્ય એજન્ડા જ્ઞાતિના વિદ્યાર્થીઓ પાસેથી આવેલી શૈક્ષણિક સહાયની અરજીઓ પર નિર્ણય કરવાનો હતો. જે મુજબ અમદાવાદ શહેરની ૩૪ અરજીઓ તથા અન્ય શહેરો જેવા કે ઉમરેઠ, નડીયાદ, સોજીત્રા, આણંદ, કરમસદ, કણજરી, વડોદરા, ભરૂચ તથા સુરતથી ૩૮ અરજીઓ આવેલી એમ કુલ ૭૨ અરજીઓમાંથી અમદાવાદની ૫ તથા અન્ય શહેરોની ૫ એમ ૧૦ અરજીઓ નિયમોનુસાર ન હોઈ નામંજુર કરવામાં આવેલી. બાકીના અમદાવાદના ૨૯ વિદ્યાર્થીઓને રૂ. ૧,૬૨,૭૦૦/- તથા અન્ય શહેરોના ૩૩ વિદ્યાર્થીઓને રૂ. ૨,૮૨,૩૦૦/-ની શૈક્ષણિક સહાય મંજુર કરવામાં આવી હતી. આમ કુલ ૬૨ વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે કુલ રૂ. ૪,૪૫,૦૦૦/-ની સહાય તેઓના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે.

– વિઠ્ઠલરાય જે. ભટ્ટ (ચેરમેન)

## વનિતા વિશ્રામ

શાળાવાળો ખાંચો, વાઘનાથ ચકલા, ઉમરેઠ-૩૮૮૨૨૦, જી આણંદ

આથી જણાવવાનું કે ઉપરોક્ત સંસ્થાને શ્રી મહેશકુમાર ચીમનલાલ દવે રહે. આણંદ તરફથી રૂ. ૫૦૦૦/-ની ભેટ મળી છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર. આ સંસ્થા બહેનોની

સંસ્થા હોઈ વધુ દાતાઓ દાન આપે તેવી વિનંતી છે. આ અંગે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જીતેન્દ્ર જયંતીલાલ જોષી, આશિષ, હીરાભાઈ કન્યાશાળા સામે, વલ્લભવાડી પાસે, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮ ફોન - ૦૭૯-૨૫૪૬૧૪૨૮, (મો.) ૮૧૨૮૯૪૦૯૫૩ને ક્રોસ એકાઉન્ટ પેઈ ચેક મોકલી આપવા વિનંતી છે. જરૂર જણાય તેમનો રૂબરૂ સંપર્ક પણ થઈ શકશે.

**જીતેન્દ્ર જોષી-ટ્રસ્ટી**

## શ્રી બાજખેડાવાળ સમાજ - નડિયાદ

બાજખેડાવાળ હોલ, છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર સામે, નડિયાદ-૩૮૭૦૦૧

ફોન-૦૨૬૮-૨૫૬૬૩૮૪

### અભિનંદન સમાજનાં રત્નો

શ્રી બાજખેડાવાળ સમાજ નડીયાદનાં સમાજને ગૌરવ અપાવે તેમજ ગૌરવમાં વધારો કરેલ છે. બાજખેડાવાળ સમાજનાં ભૂતપૂર્વ પ્રમુખો તેમજ કારોબારી સદસ્યો વિવિધ સામાજિક સંસ્થા કે રાજકીય પાર્ટી અલગ-અલગ હોદ્દાઓ પર વરણી કરવામાં આવેલ છે. આ તમામને બાજખેડાવાળ સમાજ નડીયાદ શુભેચ્છાઓ તેમજ અભિનંદન પાઠવે છે. પદ પર વરણી થનાર સૌ પદાધીકારીઓ પોતાના પદની ગરીમા જળવાઈ તેમજ આપ સૌ સામાજીક, રાજકીય તેમજ બ્રહ્મ સમાજનાં કાર્યક્ષેત્રે પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ તેમજ ભાવિ મંગલકામનાઓ.

(૧) શ્રી પ્રણવભાઈ એસ. જોષી (ત.કા. પૂર્વ પ્રમુખ) ખેડા જીલ્લા ભાજપ લીગલ સેલ તરીકે નિમણૂંક થવા બદલ (૨) શ્રી હાર્દિકભાઈ ભટ્ટ (કા.સ.) નડીયાદ શહેર કોગ્રેસ પ્રમુખ થવા બદલ (૩) શ્રી રાકેશભાઈ પંડ્યા (પૂ.પ્રમુખ) નડીયાદ શહેર ભાજપ મંત્રી થવા બદલ (૪) શ્રી અતુલભાઈ ભટ્ટ (કા.સ.) સમસ્ત બ્રહ્મ વિકાસ પરીસદનાં પ્રદેશ મહામંત્રી ગુજરાત નીમણુક થવા બદલ (૫) શ્રી ભરતભાઈ દેસાઈ (ખજાનચી) નડીયાદ શહેર કોગ્રેસ મહામંત્રી તરીકે નીમણુક થવા બદલ (૬) શ્રી ધર્મેશભાઈ દેસાઈ (સહમંત્રી) નડીયાદ શહેર કોગ્રેસ ઉપ-પ્રમુખ પર નીમણુક થવા બદલ.

શ્રી બાજખેડાવાળ સમાજ નડીયાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર રામજન્મભૂમિ મંદિર નિર્માણ કાર્યમાં રૂ. ૨૫૦૦૧/-નો ચેક તારીખ ૨૧-૦૨-૨૦૨૧ને રવિવારે બાજખેડાવાળ સમાજની કારોબારી સભામાં કારોબારી પૂર્ણ થયા પછી રાષ્ટ્રિય સ્વયંમ સેવક સંઘમાંથી ઉપસ્થિત રહેલા દિનેશભાઈને સમાજના પ્રમુખ શ્રી દિનેશ જોષી મંત્રીશ્રી રાહુલ દવે, ઉપપ્રમુખ શ્રી ધવલ ત્રિવેદી ખજાનચી શ્રી ભરતભાઈ દેસાઈ, સહમંત્રી ધર્મેશભાઈ દેસાઈ તેમજ તત્કાલિન પ્રમુખ શ્રી પ્રણવભાઈ જોષી, પૂર્વપ્રમુખ રમેશભાઈ જોષી અને સૌ હાજર કારોબારી સભ્યોની હાજરીમાં બાજખેડાવાળ હોલમાં રામજન્મભૂમિ મંદિરનો ચેક અર્પણ કરવામાં આવેલ હતો. હાજર તમામ સદસ્યોએ જય શ્રી રામના નારા સાથે ચેક સ્વીકારવામાં આવેલ હતો.

**રાહુલ દવે** — **દિનેશ આર. જોષી**

**મંત્રી** — **પ્રમુખ**

## શ્રી અમરેશ્વર મહાદેવ - વારાહી માતા - કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ-૩૮૮૨૨૦ (ગુજરાત)

સવિનય સર્વે જ્ઞાતિજનોને જત જણાવવાનું કે હું વારાહીમાતાના ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ જોષી જણાવું છું કે ચાલુ વરસે યોજાયેલ ઉમરેઠ નગરપાલિકાની ચુંટણીમાં મારા ધર્મપત્ની શ્રીમતી નિલાબેન સુરેશભાઈનો સતત બીજી વખત વોર્ડ નંબર -૫ (ભાજપ)માં ખૂબ સારા મતોથી વિજય થયેલ છે. તે બદલ ઉમરેઠ વોર્ડ નંબર-૫ના જ્ઞાતીજનોનો આભાર માનું છું.

વિજયની ખુશાલીમં તા. ૭-૩-૨૦૨૧ના રોજ શ્રી વારાહી માતાના મંદિરમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથામાં મહાપ્રસાદ તથા અલ્પાહાર પણ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો હાજર રહી લાભ લીધો હતો.

ઉમરેઠ નગરપાલિકા વોર્ડ નંબર-૫માં વરસોથી વિપક્ષો ચુંટાઈને આવતા હતા, પરંતુ છેલ્લી બે ટમથી શ્રી નિલાબેન સુરેશભાઈ જોષી ચુંટાઈને આવે છે અને ચાલુ સાલે પણ પેનલમાં ત્રણ ઉમેદવારોના વિજયથી જાહેર જનતામાં નિલાબેન જોષીને લઈને ભારે પ્રશંસા થઈ રહેલ છે. વિપક્ષોમાં હાર બદલ ચિન્તાનું મોજું ફેલાઈ ગયેલ છે.

ઉમરેઠના વોર્ડ નંબર-૫ના છેલ્લા પાંચ વરસથી કરેલ ઘણા બધા કાર્યોની જનતાએ તેમને ચુંટી વિજય બનાવેલ છે. અને આગામી પાંચ વરસ માટે પણ વોર્ડ નંબર-૫ના જાહેર કામો કરવાની જનતાને ખાત્રી આપેલ છે.

બીજું જ્ઞાતીજનોને જણાવવાનું કે અમરેશ્વર મહાદેવમાં નવનિર્મિત રૂમોનું કામકાજ પૂર્ણ થયેલ છે. આ કામ પેટે ખર્ચના નાણાં હજુ પણ ચુકવવાના હોઈ જ્ઞાતિજનોએ નાણાંકીય સાથ-સહકાર આપવા નમ્ર વિનંતી છે.

**સુરેશભાઈ જોષી**
**પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ - શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં,
પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન - ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

### ડાન્સ કોમ્પીટીશન

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી જૂન મહિનામાં તા. ૦૬-૦૬-૨૦૨૧ને રવિવારના રોજ ઓનલાઈન ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરલે છે. જે સ્પર્ધકોએ ભાગ લેવો હોય તેમણે પોતાનો વીડીયો છેલ્લી તારીખ તા. ૨૮-૫-૨૦૨૧ના રોજ પોતાનો વીડીયો આપેલ મહિલા મંડળની લીંક પર અપલોડ કરી દેવો. જેઓ ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે નીચે મુજબના મોબાઈ નંબર પર પોતાની નામ અને ટેલીફોન નંબર નોંધાવી દેવા. ભોપીબેન ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦ આપને આપના મોબાઈલ પર લીંક આપી દેવામાં આવશે.

**અન્નપૂર્ણા સહાય યોજના**

અમારી સંસ્થા દ્વારા ડાકોર–ઉમરેઠ સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી જીવન જરૂરીયાતની અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. તેના માટે અમોને જ્ઞાતિ સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન ફંડ મળતું રહે છે. આ વખતે અમોને નીચેના દાતાશ્રીઓ તરફથી દાન ફંડ મળેલ છે. અમોશ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ સર્વ દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

(૧) શ્રી સતિષભાઈ સોમેશ્વર ભટ્ટ (તલોદ) હોલ (યુ.એસ.એ.) રૂ. ૫૦૦૦૦/– (૨) શ્રી સ્વ. અસિતભાઇ ગુણવંતલાલ દેસાઇના સ્મરણાર્થે રૂ. ૨૧૦૦૦/– હસ્તે તેમના ધર્મપત્ની શ્રી નીતાબેન અસિતભાઈ દેસાઈ તરફથી (૩) શ્રી હિરેનભાઈ હર્ષદરાય પંડ્યા પરિવાર રૂ. ૬૦૦૦/–

**કેળવણી વિષયક ફંડ**

(૪) સ્વ. ઝલકબેન ટી. પંડ્યાના સ્મરણાર્થે હસ્તે હિરેનભાઈ હર્ષદરાય પંડ્યા રૂ. ૯૦૦૦/–

| મંત્રીશ્રી | પ્રમુખ |
|---|---|
| બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ | કલ્પનાબેન ખંભોળજા |

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**અન્નપૂર્ણા સહાય યોજના**

(૧) રૂ. ૨૦,૦૦૦/– શ્રી પરાગ જનકકુમાર દવે, (૨) રૂ. ૧૦૦૦/– સ્વ. મયંકભાઈ પ્રાણશંકર શેલતના સ્મરણાર્થે હસ્તે શ્રી જયંતિભાઈ ટી. દવે, (૩) રૂ. ૧૦,૦૦૦/– શ્રી દર્શનભાઈ મહેશભાઈ ઠાકર (૪) રૂ. ૨૫૦૦૦/– સ્વ. અસિતકુમાર ગુણવંતલાલ દેસાઈના સ્મરણાર્થે હસ્તે શ્રી શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ (૫) રૂ. ૨૫૦૦૦/– સ્વ. ગુણવંતલાલ જેઠાલાલ દેસાઈ તથા સ્વ. હર્ષાબેન ગુણવંતલાલ દેસાઈના સ્મરણાર્થે હસ્તે શ્રી શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ (૬) રૂ. ૫૦૦૦૦/– શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત શ્રી કમળાબેન જમિયતરામ પંડ્યા તથા શ્રી કમળાબેન જમિયતરામ પંડ્યા ટ્રસ્ટ તરફથી

**એજ્યુકેશન યોજના**

(૧) રૂ. ૫૦૦/– સ્વ. હરિવદનભાઈ સી. ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે શ્રી મૃદુલાબેન હરિવદનભાઈ ત્રિવેદી (૨) રૂ. ૨૫૦૦૦/– સ્વ. અસિતકુમાર ગુણવંતલાલ દેસાઈના સ્મરણાર્થે હસ્તે શ્રી શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ (૩) રૂ. ૧૧૧૧૧/– સ્વ. કિરણ ભોગીલાલ પંડ્યાના સ્મરણાર્થે હસ્તે શ્રી ભૌતિક કમલેશભાઈ પંડ્યા

અમદાવાદ સ્થિત જ્ઞાતિ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી અયાતી–ફી સહાય, પુસ્તક સહાય, ગણવેશ સહાય તેમજ કોલેજના વિદ્યાર્થીઓને ફી સહાય, પુસ્તક સહાયની રકમ દરેક વિદ્યાર્થીના

ખાતામાં જમા આપવામાં આવી ગયેલ છે. તો દરેક વિદ્યાર્થીઓએ પોતાની પાસબુક અપગ્રેડ કરી ચેક કરી લેવાની કોઈના ખાતામાં રકમ જમા થઈ ના હોય તો તાત્કાલીક શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં સંપર્ક કરવો.

**કમલેશ જે. ભટ્ટ**
**પ્રમુખ**

---

## ધી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

શ્રી રામનાથ મહાદેવ, ઠે. અંબામાતાના મંદિર પાસે, ચાકફુવાની ભાગોળ, સોજીત્રા-૩૮૭૨૪૦.
જિ. આણંદ (ગુજરાત)

**સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિની વાડીમાં શિષ્યવૃત્તિ વિતરણનો કાર્યક્રમ**

શ્રી સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિની વાડીમાં દર વર્ષની જેમ આ વર્ષ તા. ૨૧-૦૩-૨૧ના રવિવારના રોજ શ્રી સ્વ. લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી ચંદ્રકાન્તભાઈ પરસોતમ દવેના હસ્તે શ્રી બાજખેડાવાળ જ્ઞાતિના તથા અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી. શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તથા બાજખેડાવાળ જ્ઞાતિ કમિટી આપનો ખૂબ ખૂબ આભાર માને છે.

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**
**ડોળિયા બળવંતકુમાર બી.** — **સંદિપભાઈ ઠાકર**

---

## શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ

ફલેટ નં. ૨, શ્રીનિકેતન સોસાયટી, સંન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬ ફોન - ૨૬૭૧૩૧૦૯

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ સંચાલિત આર્થિક સહા પ્રકલ્પ (યોજના) હેઠળ સમગ્ર ભારતમાં રહેતા જ્ઞાતિજનોને વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૭૫ સભ્યોને લાભ મળ્યો છે.

(૧) વિધવા બહેનો - ૪૨ (૨) વરિષ્ઠ સભ્યો - ૧૦ (3) વિદ્યાર્થીઓ - ૨૩

મુંબઈ સમાજના દાતાઓમાં નિમ્ન સભ્યોએ ફાળો નોંધાવી આ પ્રકલ્પને વેગ આપ્યો છે. મેળવેલ નાણાંની રકમ નીચે જણાવેલ રૂ. હજારમાં છે.

(૧) શ્રી આનંદ શંકર પંડ્યા રૂ. ૫૦/- (૨) શ્રી ગોવિંદ શંકર પંડ્યા રૂ. ૧૦૦/- (3) શ્રી પ્રવીણશંકર પંડ્ય રૂ. ૭૦/- (૪) ગંગા સ્વરૂપ પૂર્ણાબેન દવે (શ્રી તેજસભાઈ દવે) રૂ. ૫૧/- (૫) શ્રી ઉદયનભાઈ ભટ્ટ રૂ. ૧૧/- (૬) શ્રી શ્રિકેતનભાઈ શેલત રૂ. ૩૦/- કુલ રૂ. ૩,૨૩,૦૦૦/-

(૬) શ્રી સી.એમ. ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી શમિકભાઈ દવે રૂ. ૪,૩૦,૦૦૦/-

તેઓએ વરિષ્ઠ સભ્ય ગં.સ્વ. બહેનો અને વિદ્યાર્થીઓને સહાય આપી સમાજ અને જ્ઞાતિજનોને સારો લાભ આપ્યો છે.

બધુ મળીને કુલ રકમ રૂ. ૭,૫૩,૦૦૦/- કે જે ગત વર્ષના કરતા ૧ લાખ વધુ છે. સમાજના જરૂરિયાત મંદ સભ્યોને તેમના રોજેરોજના જીવનમાં ફુલ નહીં પણ ફૂલની પાંખડીની જેમ મદદ થઈ રહે છે.

મુંબઈ સમાજ તેઓના આ કાર્યને બિરદાવે છે અને ઘણો આભાર માને છે. સતત બીજા વર્ષ પણ કોરોના સંકટ હોવા છતાં આ કાળમાં પણ સમાજે દાતાઓની મદદથી લગભગ ૧ લાખની વધુ આર્થિક સહાય આપી આ ભગીરથ કાર્ય પુરૂ કર્યું છે.

તે બદલ દાતાઓ અને કમિટીના સભ્યોનો પણ આભાર.

**મહેન્દ્ર ભટ્ટ**
**પ્રમુખ**

## શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

મુ. પો. કણજરી (તા. નડિયાદ, જી. ખેડા)

### શિવરાત્રી નિમિત્તે શિવજીની શોભાયાત્રા

જય મહાદેવ સાથે જણાવવાનું કે શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ દ્વારા શિવરાત્રિ નિમિત્તે શિવ ભક્તો દ્વારા શિવજીની ભવ્ય શોભાયાત્રા તા. ૧૧-૦૩-૨૧ના ગુરુવારના રોજ નીલકંઠ મહાદેવથી નિકળીને ગામના દરેક મંદિર તથા શિવાલયોમાં શિવજીની પધરામણી કરવામાં આવી હતી. જેમાં ગામના શિવ ભક્તો દ્વારા સરકારી ગાઈડલાઈનનું પાલન કરતા શિવજીની શોભાયાત્રામાં ભાગ લીધો હતો.

કણજરી નિવાસી શ્રી દિલીપભાઈ રમણભાઈ વ્યાસ તેમની સુપુત્રી જેનીતાના લગ્ન નિમિત્તે શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજને રૂ. ૫૦૧/-ની ભેટ મળેલ છે. શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તેમનો આભાર માને છે.

**તરંગ પંડ્યા**

## સુવિચાર

- કેટલીક મજબૂત વસ્તુઓ પણ કમજોર જોડે સુરક્ષિત હોય છે જેમ કે, લોખંડના સિક્કા માટીના ગલ્લામાં કેટલા સુરક્ષિત છે વાત વિશ્વાસની છે.
- પાણીમાં પડેલા તેલના ટીપાને સંપર્ક કહેવાય ! જ્યારે પાણીમાં પડેલા દૂધના ટીપાને સંબંધ કહેવાય તસવીરમાં નહીં પણ તકલીપમાં સાથે દેખાય તે આપણા કહેવાય.
- જીવનમાં ખરેખર કોઈના અંગત બનવું હોય તો એ હદ સુધી બનો કે જ્યારે એ તકલીફમાં હોય ત્યારે ભગવાનને પછી પહેલા તમને યાદ કરે.
- સમયની સાથે બદલાતા શીખો અથવા તો સમયને બદલો.
- સમજી વિચારીને તમારી તકલીફ વહેંચજો કારણે કે આ રેકોર્ડીંગ અને સ્ક્રીન શોર્ટનો જમાનો છે.

## મરણ પછી થતી વિધીઓ

મિત્રો આપણા હિન્દુ ધર્મમાં હજારો તહેવારો, વ્રતો, ક્રિયાઓ, કર્મકાંડો, ઉપવાસ, એકટાણા થઈ રહ્યા છે. સમાજની રૂઢ પ્રમાણે આપણે ઘણુંબધુ કરીએ છીએ. પણ એ બધાની પાછળનો સાચો ભાવાર્થ સાવ ખોવાઈ ગયો છે.

મતલબ કે આપણે સામાન્ય ઉપવાસ કરીએ છીએ તોય એક ટાઈમ ભૂખ્યા રહેવાનુંને બીજા ટાઈમે પેટ ભરીને દાબવાનું એ પણ હવે તો કેવુ બધુ આવી ગયું છે. ફરાળી રોટલી, ફરાળી ગોટા, ફરાળી સમોસા. જે ખાવું હોય તે ફરાળી.

અરે ભાઈ, આ કોઈ ઉપવાસ નથી. ઉપવાસનો અર્થ આપણા પુરાણોમાં આપ્યો છે, સાચો ઉપવાસ કોને કહેવાય, પણ મિત્રો આપણે એ વાત પછી કરીશું પણ આજ મારે વાત કરવીછે મરણ પછીની થતી ગલત વિધીઓની.

હા મિત્રો માણસના મૃત્યુ પછી જે જૈ વિધીઓ થાય છે એ પુરી રીતે ગલત રીતે થાય છે, પણ એની પાછળનું કારણ કે લોકો પાસે સાચી માહિતી નથી જ્ઞાન નથી કારણ કે આપણેને એ જ્ઞાન આપનારા સાચા સંતો હવે રહ્યા નથી.

પહેલાના જમાનામાં સંતો શાસ્ત્રોની ચર્ચા કરી લોકોને સાચુ જ્ઞાન આપતા પણ હવે એવુ રહયું નથી પણ અમરકથાના માધ્યમથી અમે આપના સુધી શાસ્ત્રોનું જ્ઞાન, જીવન જીવવાની સાચી સમજ લાવવા માગીએ છીએ.

આવો જાણીએ કે મરણ પછીની થતી વિધીની સાચી રીતે શું છે એની પાછળનું કારણ શું છે અને આપણે કયા કયા કંઈ ભુલો કરીએ છીએ.

(૧) પ્રથમ તો માણસનું મૃત્યુ થાય ત્યારે, એની બોડીને જમીન પર સુવડાવતા પહેલા, ગાયના છાણનું લીપણ કરવામાં આવે છે. શ્રાદ્ધ સુતક અને પંચમ શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે બોડીની આસપાસ બે બે ગજ એટલે કે ચાર-ચાર ફૂટ સુધી લીપણ કરવું જોઈએ કારણકે મૃત્યુ પછી બોડીમાંથી હજારો પ્રકારના સુક્ષ્મ જીવાણુઓ બહાર નીકળે છે ગાયના છાણના લીપણ કરવાથી એ ફેલાતા અટકે છે પણ હવે તો ગાયના છાણનું એક લીટુ માત્ર કરવામાં આવે છે એ પણ એવું બોલીને શાસ્ત્ર પ્રમાણે કરવું જોઈએ.

(૨) બીજું મૃત શરીરને પુરુષ હોય તો ઉત્તર દિશામાં માથુ રાખી, અનુસાર સ્ત્રી હોય તો દક્ષિણ દિશામાં માથુ રાખીને સુવડાવવામાં આવે છે.

આવુ કરવા પાછળનું કારણ એ છે કે સ્ત્રીને દક્ષિણમાંથી અને પુરુષને ઉત્તર દિશામાંથી કેશાકર્ષણ વધારે થાય છે એટલે એની બોડી ગંધાયા વગર લાંબો સમય સુરક્ષિત રહી શકે પણ આ ક્રિયા અત્યારે કરવા ખાતર થાય છે આની પાછળનું કારણ કોઈને ખબર નથી.

(3) ત્રીજું મૃત માણસના મુખમાં જીભ ઉપર તાંબાનો સિક્કો મુકવામાં આવે છે એનો અર્થ એ છે કે મૃત માણસનો જીવ જો હજુ બ્રહ્માંડમાં એટલે કે તાળવે હોય તો એ જીભ પર તાંબાનો સ્પર્શ થતા પાછો આવે છે ને મૃત માણસ જીવતો થાય છે. પણ હવે તો શુકન પુરતો કે વીધી પુરી કરવા પુરતો સ્ટીલનો કોઈપણ સીક્કો જીભ પર મૂકી દેવામાં આવે છે.

(3) મૃત વ્યક્તિના મુખમાં તુલસીપત્ર મુકવામાં આવે જો કે આજે તો એ વીધી કરવા ખાતર જ કરવામાં આવે છે પણ એની પાછળનું સાચુ કારણ કોઈને ખબર નથી. સાચુ કારણ

એ છે કે મૃત્યુ પામનાર વ્યક્તિ જો ગંભીર બિમારીથી મૃત્યુ પામ્યો હોય તો મૃત્યુ પછી એના શરીરમાંથી ઝેરી, સુક્ષ્મ જીવાણુઓ નીકળવા લાગે છે જે આસપાસ બેઠેલા લોકોને હાની પહોંચાડી શકે છે. તુલસીપત્ર જીભ ઉપર મુકતા એ પત્ર સહેજ કાળુ પડી જાય છે.

જો કાળુ પડી જાય તો સમજવાનું કે મૃત શરીરમાંથી ઝેરી સુક્ષ્મ જીવાણુઓ બહાર નીકળી રહ્યા છે એવા સંજોગોમાં લોકો એ બોડીથી દુર ખસી જવું જોઈએ.

(૫) મૃત વ્યક્તિના અંતિમ દર્શન કરી એની અડધી પ્રદક્ષિણા ફરવામાં આવે આપણે તો અત્યારે મન ફાવે તેવી પ્રદક્ષિણા ફરે છે. હકીકતમાં અડધી જ પ્રદક્ષિણા કરવાનું સૂચન છે આપણા શાસ્ત્રોમાં અને એ પ્રદક્ષિણા ફક્ત એના પુત્ર-પુત્રી અથવા મૃત વ્યક્તિની પત્ની જ ફરી શકે છે. ડાબા પગથી શરૂ કરી જમણા પગ સુધી પ્રદક્ષિણા કરી પછી જમણા પગના અંગુઠાને સ્પર્શ કરવાનો ઉલ્લેખ જોવા મળે છે શાસ્ત્રોમાં પણ આપણે અહી બધુ ઉલટુ જ થઈ રહ્યું છે.

(૬) મૃત વ્યક્તિની નનામી જ્યારે નીકળે છે ત્યારે એનો ગામની ભાગોળે વિસામો આપવામાં આવે છીએ જો કે શહેરોમાં આવુ નથી જોવા મળતુ પણ ગામડાઓમાં આજે પણ નનામીને ગામની ભાગોળે નીચે ઉતારીને એને વિસામો આપવામાં આવે છે.

મહર્ષિ કણાદ ઋષિ શ્રુસુતને કહે છે વત્સ મડદા ઉપર બેઠેલો જીવ છેલ્લી વાર એની ગામની ભાગોળના દર્શન કરે છે પછી નનામી સાથે લાવેલા ચાર શ્રીફળ ભાગોળ એક પથ્થર પર ફોડવામાં આવે છે.

આ શ્રીફળ સુકામ ફોડવામાં આવે છીએ અને ચાર શ્રીફળ જ કેમ ફોડવામા આવે છે એ કોઈને હજુ સુધી નથી ખબર.

પણ ખુબ મહેનત કર્યા પછી જાણવા મળ્યુ છીએ કે નનામી ઉપાડનાર ચાર ડાઘુઓ પર એ મૃત જીવાત્મા એ સમયે નનામી પર લાશ ઉપર બેઠો હોય છે એ જીવ ચાર ડાઘુઓને નુકશાન ન પહોચાડે એટલા માટે જીવને ભોગરૂપે ચાર શ્રીફળ ધરવામાં આવે છે કારણ કે જીવને શરીર છોડવું ગમતુ નથી હોતુ એ ફરી શરીરને પામવા મથે છે એ કોશિશમાં જીવ ચાર ડાઘુઓને નુકશાન પહોંચાડી શકે છે માટે એને ચાર શ્રીફળનો ભોગ આપવામાં આવે છે જેથી એ જીવ કોઈને નુકશાન ન પહોંચાડી શકે.


(૭) મૃત શરીર અને ચિંતા પર સુવડાવીને અગ્નિ દાહ આપનારો એનો પુત્ર કે કોઈ સ્વજન કાંધ પર મટકી લઈને ઉલટી પ્રદક્ષિણા કરે છે ઉલટી પ્રદક્ષિણા કરવાનું કારણ શું હશે.

તો કારણ એ છે કે શરીર છોડ્યા બદ જીવ ઉલટી દિશામાં ભ્રમણ કરે છે મનુષ્યની જેમ સવળી ચાલ નથી ચાલતો એટલે મટકી ફોડી એમાથી પાણીની ધાર નીચે પડે એ રીતે ઉલટી દિશામાં ચાલવામાં આવે છો જેથી જીવ અને જળની અંતિમ અંજલી આપવામાં આવે છે.


(૮) મૃત શરીરને જમણા પગના અંગુઠે અગ્નિ અડાડવામાં આવે છે. મૃત શરીરના જમણા પગે પહેલો અગ્નિ સ્પર્શ કરવામાં આવે છે. એનું કારણ શું છીએ કે જો મૃત શરીરમાં હજુ બ્રહ્માંડમાં જીવ હોય તો જમણા પગના અંગુઠે, અગ્નિ સ્પર્શ કરતાની સાથે જ શરીરમાં જીવ પાછો આવી શકે છે મૃત વ્યક્તિને બેઠો કરવાનો આ અંતિમ પ્રયાસ છે. અગર મૃત શરીરમાં જીવ પાછો નથી આવતા તો પછી તેને બાળી દેવામાં આવે છે. આપણે સ્મશાન સુધીની વિધિ વિશે જાણ્યુ.

નામ : કુ. પ્રાચી ત્રિવેદી (કેનેડા પી.આર.)
ઊંચાઈ : ૪'–૧૦''
વજન : ૪૦ કિલો
જન્મ તારીખ : ૦૭–૦૫–૧૯૯૮
જન્મ સમય : ૦૯.૪૦ સવારે
જન્મ સ્થળ : નડીયાદ
અભ્યાસ : ડીપ્લોમાં ઈન મસાજ થેરાપી (લેથબ્રીજ, આલ્બાર્ટા, કેનેડા)
બેચરલ ડીગ્રી ઈન એન્વાયરમેન્ટલ સાયન્સ (એસ.એફ.યુ. બર્નીબી,
બ્રિટીશ કોલંબીયા, કેનેડા, અભ્યાસ ચાલુ છે.)
વ્યવસાય : –
માસિક આવક : –
મૂળ વતન : સલુણ, તા. નડીયાદ, જિ. ખેડા
માતાનું નામ : દીપાબેન જિગ્નેશકુમાર ત્રિવેદી
ભાઈ/બહેન : નથી
મોસાળ : વિનયચંદ્ર હિંમતરાય પંડ્યા (નડીયાદ)
પિતા : જિગ્નેશકુમાર કાન્તીલાલ ત્રિવેદી
સરનામું : એ–૫૮, વિશાલ સોસાયટી, શિવાલય એપાર્ટમેન્ટ પાછળ,
ઈન્દિરાનગર રોડ, નડીયાદ, જિ. ખેડા.
ફોન નં. :
મોબાઈલ નં. : ૯૭૨૫૧૦૭૨૬૧ (જિગ્નેશભાઈ)
ઈ–મેઈલ : pvk1983pvk@gmail.com
સંપર્ક : –
સરનામું : –
ફોન નંબર : –
પસંદગી : ઉચ્ચ અભ્યાસ, ધાર્મિક, સમજદાર
નોંધ : –

ગોત્ર : કશ્યપ
નક્ષત્ર : ઉ.ફાલ્ગુની (૩)
રાશિ : કન્યા
નાડી : આદ્ય
ગણ : મનુષ્ય
વર્ણ : વૈશ્ય
યોનિ : ગાય
વર્ગ : ઉંદર




નામ : કુ. મૈત્રી હરીશકુમાર દવે ઊંચાઈ : ૫'–૩'' વજન : ૫૮ કિલો
જન્મતારીખ : ૨૦–૦૭–૧૯૯૬ જન્મસ્થળ : અંકલેશ્વર જન્મસમય : ૦૫.૨૦ સાંજે
અભ્યાસ : એમ.એસ.સી. (માઈક્રોબાયોલોજી)
મૂળવતન : વસો વ્યવસાય : નોકરી–ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ
માસિક આવક : રૂ. ૨૨,૦૦૦/–
ગોત્ર : શાંડિલ્સ
રાશિ : સિંહ
નક્ષત્ર : ઉ.ફાલ્ગુની
નાડી : આદ્ય
માતાનું નામ : વિણાબેન હરીશકુમાર દવે
ભાઈ/બહેન : નથી
પિતાનું નામ : હરીશકુમાર ગોરધનદાસ દવે
સરનામું : ૧૭, ઘનપાળેશ્વર સોસાયટી, વિંઝોલ ક્રોસીંગ રોડ, વટવા,
અમદાવાદ–૩૮૨૪૪૫
ફોન/મોબાઈલ : ૯૭૨૬૯૪૭૬૧૩
નોંધ : મંગળદોષ લાગતો નથી





---

નામ : કુ. યેશા યોગેશભાઈ દવે ઊંચાઈ : ૫'–૨'' વજન : ૪૫ કિલો
જન્મતારીખ : ૦૩–૧૧–૧૯૯૭ જન્મસ્થળ : સુણાવ જન્મસમય : ૦૮.૧૫ સવારે
અભ્યાસ : એમ.એસ.સી. (ફૂડ અને નુટ્રીશીયન)
મૂળવતન : વલ્લભવિદ્યાનગર વ્યવસાય : –
માસિક આવક : –
ગોત્ર : ગાર્ગશ
રાશિ : વૃશ્ચિક
નક્ષત્ર : જ્યેષ્ઠા
નાડી : આદ્ય
માતાનું નામ : રેખાબેન યોગેશભાઈ દવે
ભાઈ/બહેન : ૧–બહેન–અપરણિત
પિતાનું નામ : યોગેશ કાંતિલાલ દવે
સરનામું : પ્લોટ નં. ૯૨૩/૧, યોગેન્દ્ર સદન, મહાદેવ રોડ, પોલીસ સ્ટેશન પાસે,
વલ્લભવિદ્યાનગર–૩૮૮૧૨૦
ફોન/મોબાઈલ : ૯૩૭૫૦૨૬૮૫૬, ૯૪૨૭૬૧૦૯૧૨




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. જય ઉપેન્દ્રકુમાર ધ્રુવ |
| ઊંચાઈ | : | ૫'–૮'' |
| વજન | : | ૬૮ કિલો |
| જન્મ તારીખ | : | ૧૪–૦૭–૧૯૯૫ |
| જન્મ સમય | : | ૧૧.૧૦ સવારે |
| જન્મ સ્થળ | : | ભરૂચ |
| અભ્યાસ | : | B.Tech., M.Tech. Electrical Engineer |
| વ્યવસાય | : | Professor & H.O.D. Electrical Engineer-Patan |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | નડીયાદ |
| માતાનું નામ | : | હિના ઉપેન્દ્રકુમાર ધ્રુવ |
| ભાઈ/બહેન | : | ૧–ભાઈ–પરણિત |
| મોસાળ | : | ઉપેન્દ્રભાઈ નવનીતલાલ ડણાંક<br>પૂર્વ પ્રમુખ – બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ, ભરૂચ<br>શેઠ ફળીયા બળેલી ખો, ભરૂચ |
| પિતા | : | ઉપેન્દ્રકુમાર હર્ષદરાય ધ્રુવ |
| વતનનું સરનામું | : | 'હીનકા', એ–૧૪, સાંઈધામ સોસાયટી, કીશન સમોસાના ખાંચામાં,<br>વાણીયા વડ, નડીયાદ, જી. ખેડા |
| સરનામું (કાયમી) | : | 'હીનકા', બી–૬, શીવગંગા બંગ્લોઝ, ટેલીફોન એક્ષચેન્જ રોડ,<br>પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.) |
| મોબાઈલ નં. | : | ઉપેન્દ્ર (મો.) ૯૮૨૪૩૫૮૭૬૧, હીના (મો.) ૯૯૦૪૬૭૨૭૩૨ |
| ઈ–મેઈલ | : | h.u.dhruv@gmail.com |
| પસંદગી | : | – |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાનસ |
| નક્ષત્ર | : | શ્રવણ |
| રાશિ | : | મકર |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | વાનર |
| વર્ગ | : | માંજર |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Yash Rajeshkumar Dave |
| Height | : | 5‘-9’’ |
| Weight | : | 60 Kg. |
| Birth Date | : | 25-08-1993 |
| Birth Time | : | 07.45 a.m. |
| Birth Place | : | Anand (Gujarat) |
| Education | : | Msc. (Organic Chemesty, SPU, India)<br>Post Graduate in Chimical Laboratory,<br>Analysis (Canada)<br>(Obtained Canada PR On 1st April-2021) |
| Profession | : | Total Health Centre (Reen Enterprise)<br>As A Production Technician |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Manishaben Rajeshkumar Dave |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | Nadiad |
| Father | : | Rajeshkumar Pinakinprasad Dave |
| Address | : | 605, 29, Rose Bank Drive On, M1B5Y7 |
| Mobile No. | : | Uncle : 9374721173, Mother : 9724410451 |
| Present Address | : | 9/B, Maa Krupa, Ramkrushna Bunglows,<br>Chaitanya Vrund-3, Nr. Akshar Farm Gopi,<br>V.V.Nagar Road, Anand |
| Gotra | : | Vachhas |
| Nakshatra | : | Anuradha-4 |
| Rashi | : | Vrushik |
| Nadi | : | Madhya |
| Gan | : | Dev |
| Varna | : | Brahman |
| Yoni | : | Mrug |
| Varg | : | Sarp |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. યશ જયેશ ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'-૮'' |
| વજન | : | ૫૪ કિલો |
| જન્મ તારીખ | : | ૧૨-૧૨-૧૯૯૩ |
| જન્મ સમય | : | ૨૧.૦૫.૦૦ કલાક |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | બી.કોમ., બી.સી.એ. |
| વ્યવસાય | : | ઈન્ટીરીયર પ્રોડક્ટ, સ્પોર્ટ પ્રોડક્ટ |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | જીગીષા જયેશ ભટ્ટ |
| ભાઈ/બહેન | : | ૧-ભાઈ-અપરણિત |
| મોસાળ | : | નડીયાદ |
| પિતા | : | જયેશ એસ. ભટ્ટ |
| સરનામું | : | એ-૧-૧૫, પ્રસિદ્ધ એપાર્ટમેન્ટ, શ્યામલ રો-હાઉસ-૫ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| ફોન નં. | : | ૯૭૨૫૨૪૭૦૬૭ |
| મોબાઈલ નં. | : | ૯૪૨૬૧૮૨૮૨૨ |
| ઈ-મેઈલ | : | elegansefloors25@gmail.co.in |
| સંપર્ક | : | જયેશ એસ. ભટ્ટ |
| સરનામું | : | એ-૧-૧૫, પ્રસિદ્ધ એપાર્ટમેન્ટ, શ્યામલ રો-હાઉસ-૫ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| પસંદગી | : | – |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાનસ |
| નક્ષત્ર | : | જયેષ્ઠા |
| રાશિ | : | વૃશ્ચિક |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | – |
| વર્ણ | : | – |
| યોનિ | : | મૃગ |
| વર્ગ | : | – |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. ધ્રુવ પરિમલભાઈ દવે |
| ઊંચાઈ | : | ૫'–૮'' |
| વજન | : | ૬૦ કિલો |
| જન્મ તારીખ | : | ૧૬–૦૨–૧૯૯૬ |
| જન્મ સમય | : | ૦૨.૫ રાત્રે |
| જન્મ સ્થળ | : | બી. ઈ. ઈલેક્ટ્રીકલ |
| અભ્યાસ | : | રીસર્ચ અને ડેવલોપમેન્ટ એન્જિનીયર–ઈનોવેટ કંપની, વડોદરા |
| વ્યવસાય | : | – |
| માસિક આવક | : | રૂ. ૨૦,૦૦૦/– |
| મૂળ વતન | : | મહુધા, તા. નડીયાદ |
| માતાનું નામ | : | ઉર્મિલાબેન પરિમલભાઈ દવે |
| ભાઈ/બહેન | : | ૧–ભાઈ–મોટો–પરણિત |
| મોસાળ | : | વડોદરા (ગં.સ્વ. સીમાબેન એસ. પાંડે) |
| પિતા | : | ડૉ. પરિમલ અરવિંદભાઈ દવે |
| સરનામું | : | બી–૧૮, સંગમપાર્ક સોસાયટી, ભવાનીકુંજ સોસાયટીની બાજુમાં, સોસાયટી પાસે, પાણીગેટ બહાર, વડોદરા–૩૯૦૦૧૯ |
| ફોન નં. | : | ૮૯૮૦૯૨૩૮૪૬, ૯૪૨૭૮૩૬૬૫૪ |
| સંપર્ક | : | ઉપર મુજબ |
| પસંદગી | : | સમકક્ષ, સંસ્કારી |
| નોંધ | : | ધર્મ–સ્વામિનારાયણ (વડતાલ) |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | વચ્છસ |
| નક્ષત્ર | : | પૂ.ષાઢા |
| રાશિ | : | ધન |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | વાનર |
| વર્ગ | : | સર્પ |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Parth Jagdish Dave |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | Kg. |
| Birth Date | : | 02-09-1989 |
| Birth Time | : | 05-50 a.m. |
| Birth Place | : | Anand |
| Education | : | MCA (Master of Computer Applications) |
| Profession | : | Civica Software Engineers - Service (Vadodara) |
| Monthly Income | : | Rs 6.8 P.A. |
| Native Place | : | |
| Mother Name | : | Purnima Jagdish Dave |
| Borther/Sisters | : | 1-Brother |
| Maternal Place | : | - |
| Father | : | Jagdish Bhanuprasad Dave |
| Address | : | 37/B, Pranav Society, Nr. Tulsidham, Manjalpur, Vadododara-390011 |
| Mobile No. | : | 9978919534, 9265948311 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Samanas |
| Nakshatra | : | Uttar Falguni |
| Rashi | : | Kanya |
| Nadi | : | Aadhay |
| Gan | : | Manav |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પ્રણય વિજયકુમાર દવે |
| ઊંચાઈ | : | ૫'–૧૧'' |
| વજન | : | ૮૦ કિલો |
| જન્મ તારીખ | : | ૧૧–૦૫–૧૯૯૫ |
| જન્મ સમય | : | ૨૪–૦૫ રાત્રે |
| જન્મ સ્થળ | : | મહેળાવ |
| અભ્યાસ | : | બી.સી.એ. |
| વ્યવસાય | : | કર્મકાંડ + ખેતી |
| માસિક આવક | : | રૂ. ૧૮,૦૦૦ + ખેતી |
| મૂળ વતન | : | મહેળાવ |
| માતાનું નામ | : | શ્રદ્ધાબેન વિજયકુમાર દવે |
| ભાઈ/બહેન | : | ૨–બહેન–પરણિત |
| મોસાળ | : | શ્રી વિપુલભાઈ મનુપ્રસાદ દવે, વસો (હાલ – વડોદરા) |
| પિતા | : | સ્વ. વિજયકુમાર ઉમિયાશંકર દવે |
| સરનામું | : | ૯૦, બ્રહ્મપોળ, મહેળાવ, તા. પેટલાદ, જી. આણંદ–૩૮૮૪૪૦ |
| ફોન નં. | : | ૭૫૬૭૧૫૬૫૮૫, ૯૯૨૫૪૮૨૮૭૦ શ્રદ્ધાબેન |
| ઈ–મેઈલ | : | davepranay@hotmail.com |
| સંપર્ક | : | ગં.સ્વ. શ્રદ્ધાબેન વિજયકુમાર દવે |
| સરનામું | : | મહેળાવ |
| ફોન નંબર | : | ઉપર મુજબ |
| પસંદગી | : | – |
| નોંધ | : | – |
| ગોત્ર | : | સામાનસ |
| નક્ષત્ર | : | ઉ.ફાલ્ગુની |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | મૂષક |




Name : Chi. Kaivalya Sunilkumar Dave
Australia (Work Permit)
Height : 165 cm
Weight : 65 Kg.
Birth Date : 17-06-1996
Birth Time : 08.45 a.m.
Birth Place : Nadiad
Education : B.Tech (Electronics and Communication Engg.)
Charusat University, MBA - Sydney, Australia
Profession : Telecommunication Engineer
Monthly Income : 2,50,000 INR
Native Place : Nadiad
Mother Name : Dipikaben Sunilkumar Dave
Borther/Sisters : None
Maternal Place : Narsanda
Father : Late. Sunilkumar Indravadan Dave (Khanna)
Address : 5/503, Harikrishna Apartments, Opp. TGB Hotel,
Near Petlad Railway Crossing, Nadiad-2
Phone No. : 8128427838
E-mail : -
Contact : Dipikaben Dave
Address : Same as Above
Choice : Well Educated, Good Looking
Note : -

Gotra : Lankanas
Nakshatra : Aadra
Rashi : Gemini (Mithun)
Nadi : Aadhya
Gan : Manusya
Varna : Shudra
Yoni : Shwan
Varg : Maarjaar



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. વિરાજ દેવેન્દ્રભાઈ ઠાકર<br>સ્થાપક, સંચાલક તથા સામાજિક કાર્યકર<br>સંવેદાન ચેરીટેબલ ટ્રસ્ટ આણંદ |
| ઊંચાઈ | : | ૫'-૬'' |
| વજન | : | ૫૨ કિલો |
| જન્મ તારીખ | : | ૨૫-૦૮-૧૯૯૭ |
| જન્મ સમય | : | ૧૨.૦૦ બપોરે, સોમવાર |
| જન્મ સ્થળ | : | ઉમરેઠ |
| અભ્યાસ | : | બી.એસ.સી. કેમેસ્ટ્રી |
| વ્યવસાય | : | ટ્યુશન ક્લાસિસ ઓનર<br>વોલ્કેનો સાયન્સ એકેડેમી, આણંદ,કરમસદ |
| માસિક આવક | : | રૂ. ૩૦,૦૦૦/- |
| મૂળ વતન | : | આણંદ |
| માતાનું નામ | : | ઉમાબેન દેવેન્દ્રભાઈ ઠાકર |
| ભાઈ/બહેન | : | ૧-બહેન-પરણિત |
| મોસાળ | : | આણંદ |
| પિતા | : | દેવેન્દ્રભાઈ રમણલાલ ઠાકર |
| સરનામું | : | ડી-૧૦૨, સાગર એપાર્ટમેન્ટ, લા કાસા ઈન હોટલની બાજુમાં,<br>ગણેશ ચોકડી, આણંદ |
| ફોન નં. | : | ૯૭૩૭૫૦૭૦૦૩, ૯૭૧૨૭૪૨૪૨૫ |
| મોબાઈલ નં. | : | - |
| ઈ-મેઈલ | : | virajthakar.vt@gmail.com |
| સંપર્ક | : | દેવેન્દ્રભાઈ રમણલાલ ઠાકર |
| સરનામું | : | ઉપર મુજબ |
| ફોન નંબર | : | ૮૭૩૪૮૮૨૨૨૫, ૯૩૨૭૬૪૨૪૨૫ |
| પસંદગી | : | - |
| નોંધ | : | મંગળ છે. |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાનશ |
| નક્ષત્ર | : | રોહિણી-૧ ચરણ |
| રાશિ | : | વૃષભ |
| નાડી | : | શીત (અંત્ય) |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | સર્પ |
| વર્ગ | : | - |



## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | |
|---|---|---|
| ૧. વિશાલકુમાર કનુભાઈ દવે | અમદાવાદ | ૪૭૦૪ |
| ૨. ગિરીશભાઈ ભટ્ટ | વડોદરા | ૪૭૦૫ |
| ૩. હિતેશ અરૂણભાઈ ભટ્ટ | વડોદરા | ૪૭૦૬ |
| ૪. શાર્દુલ હેમંતકુમાર દવે | આણંદ | ૪૭૦૭ |
| ૫. હેમાબેન પરેશભાઈ ભટ્ટ | અમદાવાદ | ૪૭૦૮ |
| ૬. શૈવી (સાક્ષી) અસિતકુમાર દેસાઈ | અમદાવાદ | ૪૭૦૯ |
| ૭. મિલનકુમાર ભાલચંદ્ર શુક્લ | અમદાવાદ | ૪૭૧૦ |
| ૮. પ્રજ્ઞેશ યોગેશચંદ્ર જોષી | અમદાવાદ | ૪૭૧૧ |
| ૯. મૃગેશ દિપકકુમાર ભટ્ટ | અમદાવાદ | ૪૭૧૨ |
| ૧૦. હિતેશકુમાર ભાનુપ્રસાદ દવે | નડિયાદ | ૪૭૧૩ |
| ૧૧. જૈનિત તેજસકુમાર ઠાકર | આણંદ | ૪૭૧૪ |
| ૧૨. ભારતીબેન ભાસ્કરભાઈ ઠાકર | અમદાવદ | ૪૭૧૫ |
| ૧૩. પ્રતિકભાઈ દવે | વસો | ૪૭૧૬ |
| ૧૪. જયેશભાઈ એચ. ત્રિવેદી | ભરૂચ | ૪૭૧૭ |
| ૧૫. શોર્ય કેતનભાઈ દવે | ખેડા | ૪૭૧૮ |
| ૧૬. શિવમ સંદિપકુમાર પંડ્યા | આણંદ | ૪૭૧૯ |
| ૧૭. ગીતાબેન હરીહરભાઈ ત્રિવેદી | અમદાવાદ | ૪૭૨૦ |
| ૧૮. હરિકૃષ્ણ મગનલાલ મહેતા | આણંદ | ૪૭૨૧ |
| ૧૯. મહર્ષિ હરિકૃષ્ણ મહેતા | આણંદ | ૪૭૨૨ |

### અવસાન નોંધ

- સ્વ. ગં.સ્વ. પ્રભાવતીબેન વાસુદેવભાઈ ખંભોળજાનું તા. ૧૮-૦૨-૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે નિમિત્તે સ્વ. વાસુદેવભાઈ ફુલચંદભાઈ ખંભોળજાના સમગ્ર પરિવાર તરફથી બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૨૫૧/- સ્મૃતિભેટ મળેલ છે.
- મહુધાના હાલ અમદાવાદમાં સ્વ. ગુણવંતલાલ જેઠાલાલ દેસાઈનાં પુત્ર સ્વ. અસિત જી. દેસાઈ દેવલોક પામેલ છે. તે નિમિત્તે બાજખેડાવાળ પત્રિકામાં દર્શન જી. દેસાઈ તરફથી રૂ. ૧૫૧/- સ્મૃતિભેટ મળેલ છે.
- વડોદરા નિવાસી પુ.સ્વ. શ્રી મધુકુમાર નાનાલાલ શેલત, તા. ૨૨-૦૩-૧૯૯૬ના રોજ નિર્વાણ પામ્યા હતા. તેમની ૨૫મી પુણ્યતિથી નિમિત્તે વિભાકર મ. શેલત પરિવાર તરફથી પત્રીકાને રૂ. ૨૫૧/- સ્મૃતિભેટ મળેલ છે.
- ઉમરેઠ-સુરત નિવાસી મહેન્દ્રભાઈ ચીમનલાલ મહેતાનું તા. ૦૧-૦૪-૨૦૨૧ના રોજ અવસાન થયું છે પરિવાર તરફથી પત્રીકાને રૂ. ૨૦૧/- સ્મૃતિભેટ મળેલ છે.

### ભેટ

- ડૉ. મહેશ વી. વ્યાસ તરફથી રૂ. ૫૦૧/- ભેટ મળેલ છે.
- એક સદગૃહસ્થ તરફથી રૂ. ૨૫૧/- ભેટ મળેલ છે.

## ડેક્લેરેશન ફોર્મ – ૪
## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

| | | |
|---|---|---|
| પ્રસિદ્ધ સ્થાન | : | શ્રીમતી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન<br>૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે,<br>મણિનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮.<br>ટેલીફોન નંબર : ૨૨૭૨ ૦૩૯૩ |
| પ્રસિદ્ધિ ગાળો | : | દર માસની ૨૭મી તારીખ |
| મુદ્રક | : | ધર્મેશ પ્રિન્ટોરીયમ પ્રેસ,<br>બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,<br>અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદ. |
| પ્રકાશકનું નામ | : | શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | શ્રીમતી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન<br>૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે,<br>મણિનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮. |
| ટેલીફોન નંબર | : | ૭૫૭૩૯૭૮૪૭૭ |
| તંત્રી | : | શ્રી જગતભાઈ એચ. દવે<br>૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,<br>વલ્લભવિદ્યાનગર–૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪ |
| સામયિકની માલિકી | : | શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા |

અમો જગતભાઈ એચ. દવે આથી જાહેર કરીએ છીએ કે અમો બાજખેડાવાળ પત્રિકાના તંત્રી છીએ અને ઉપર જણાવવામાં આવેલ હકીકત અમારી જાણ મુજબ સાચી છે.

**જગતભાઈ એચ. દવે**
**તંત્રી**

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2019-21 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2021
LPWP No. PMG / HQ / 100 / 2019-2021 valid upto 31-12-2021
Published on 27th Every Month

## : જાણવા જોગ :

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭
(M) 9974127810